ફોજદારી કેસ નંબર:–૭૨૪/૨૦૨૩

GJKH070010632023

| | | | |
|---|---|---|---|
| કેસ રજુ તારીખ:– | ૨૩/૧૦/૨૦૨૩ | | |
| કેસ દાખલ તારીખ:– | ૨૩/૧૦/૨૦૨૩ | | |
| કેસ ફેંસલ તારીખ:– | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| અવધિ:– | વર્ષ | માસ | દિવસ |
| | ૦૨ | ૦૪ | ૨૨ |

==========================================

# ઠાસરાનાં મહેરબાન જ્યુડીશ્યલ મેજિસ્ટ્રેટ, ફ.ક. (શ્રી વિપુલ અમૃતલાલ ઠક્કર) સાહેબની અદાલતમાં, મું: ઠાસરા.

==========================================

ક્રિમિનલ કેસ નંબર :–૭૨૪/૨૦૨૩
આંક:–૨૧

શ્રી સરકાર ફરીયાદી.
(ઠાસરા પો.સ્ટે. ''એ '' પાર્ટ ગુ.રજી. નંબર–૧૧૨૦૪૦૬૦૨૩૦૩૬૫/૨૦૨૩)

// વિરુધ્ધ //

મહેન્દ્રભાઈ ઉર્ફે પલીયો મંગળભાઈ પરમાર
ઉ.વ.–૩૧, ધંધો–મજુરી,
રહે.રીંછોલ,નિશાળવાળું ફળિયું,
તા.મહેમદાવાદ,જી.ખેડા. ...................... આરોપી.

==========================================

ફરીયાદ પક્ષે વિદવાન એ.પી.પી.શ્રી એસ.વી.પટેલ.

આરોપી તરફે વિદવાન વકીલ શ્રી આર.આર.મકવાણા.

==========================================
==========================================

ગુન્હો : ભારતીય દંડ સંહીતા–૧૮૬૦ની કલમ–૩૭૯ મુજબ...

==========================================

THE HIGH COURT OF GUJARAT

==========================================================

**સમક્ષ:– વિપુલ અમૃતલાલ ઠક્કર, જ્યુ.મેજી.ફ.ક.મું.,ઠાસરા.**

==========================================================

## ::– ઠરાવ –::

(૧). ફરીયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે,આ કામના આરોપીએ તા.૦૪/૦૮/૨૦૨૩ ના રાતાના કલાક–૨૧/૦૦ થી તા.૦૫/૦૮/૨૦૨૩ ના કલાક–૭/૦૦ દરમ્યાન કોઈપણ સમયે મોજે ઢુંડી ગામ, એચ.પી. પ્રેટ્રોલ પંપના ખુલ્લા કંમ્પાઉન્ડમાં ફીરયાદી–કરશભાઈ જાલાભાઈ જોરાણાએ પાર્ક કરેલ હીરો સ્પેલેન્ડર મો.સા. નંબર–જી.જે.–૦૭–સી.કે.–૮૩૯૮, કિમંત રૂા. ૨૯,૦૦૦/– ની ચોરી કરી લઈ જઈ પાછળથી તપાસના કામે પકડાઈ ગયેલ અને તેમ કરીને તમો આરોપીએ **ભારતીય દંડ સંહીતા–૧૮૬૦ ની કલમ– ૩૭૯** મુજબનો ગુન્હો કરેલ છે.

(૨). આ કામના ફરીયાદી–કરશનભાઈ જાલાભાઈ જોગરાણાનાઓએ તા.૧૧/૦૮/૨૦૨૩ ના રોજ ઠાસરા પોલીસ મથકે ફરીયાદ આપતાં, ઠાસરા પોલીસે **ઠાસરા પો.સ્ટે. ''એ '' પાર્ટ ગુ.રજી. નંબર–૧૧૨૦૪૦૬૦૨૩૦૩૬૫/૨૦૨૩ થી ભારતીય દંડ સંહીતા –૧૮૬૦ ની કલમ–૩૭૯** મુજબની ફરિયાદ નોંધેલ. ત્યારબાદ તમો **આરોપી–મહેન્દ્રભાઈ ઉર્ફે પલીયો મંગળભાઈ પરમારની ઠાસરા** પોલીસ સ્ટેશન દ્વારા તા.૧૮/૦૮/૨૦૨૩ ના કલાક:–૧૯/૦૦ વાગ્યેના રોજ ધોરણસર અટક કરવામાં આવેલ હતી અને તમો આરોપીને તા.૧૯/૦૮/૨૦૨૩ ના રોજ કલાક–૧૫/૪૫ વાગે ના. અદાલતમાં પ્રોડકશન પેપર્સ સાથે રજુ કરવામાં આવેલ હતો. આ કામના આરોપીએ તા.૧૯/૦૮/૨૦૨૩ ના રોજ જામીન અરજી રજુ કરેલ હતી. આ કામના ઉપરોકત આરોપીને ના.અદાલત દ્વારા તા.૨૯/૦૯/૨૦૨૩ ના રોજ ના.અદાલત દ્વારા શરતોને આધીન જમીન ઉપર મુકત કરવામાં આવેલ હતો. આમ, આરોપી ત્યારથી જામીન ઉપર મુકત છે. ત્યારબાદ તમો આરોપી વિરૂઘ્ધ ઠાસરા પોલીસ સ્ટેશનના હે.કો. કિરણસિંહ હસમુખભાઈનાઓએ તપાસ કરેલ હતી અને તપાસના અંતે ના.અદાલતમાં

તમો આરોપીઓ વિરુધ્ધ તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ **ભારતીય દંડ સંહીતા–૧૮૬૦ ની કલમ–૩૭૯** મુજબના ગુન્હાનું ચાર્જશીટ ના.અદાલતમાં દાખલ કરેલ છે. જેને હાલનો **ફોજદારી કેસ નંબર:–૭૨૪/૨૦૨૩** પડેલ છે.

(૩). આ કામના તમો આરોપીઓ વિરૃધ્ધ તા.૧૯/૧૦/૨૦૨૩ ના રોજ ચાર્જશીટ ના.અદાલતમાં રજુ કરવામાં આવેલ હતું. આ કામના આરોપી મુ.તા. ૨૪/૦૧/૨૦૨૪ ના રોજ ના.અદાલતમાં પોતાના વિ.વ.શ્રી સાથે હાજર રહેલ હતા. આરોપીને ક્રિ.પ્રો. કોડ ની કલમ –૨૦૭ ના પ્રબંધ મુજબ પોલીસ તપાસના કેસ કાગળો ની નકલો આપવામાં આવેલ છે. આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હો ફોજદારી કાર્યરીતી અધિનિયમ અન્વયે વોરંટ ટ્રાયલ કેસ ચલાવવાને પાત્ર હોય તે મુજબ ની કાર્યવાહી અનુસરવામાં આવેલ છે. જેથી આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હા બાબતે આરોપી સામે આંક–૦૫ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને જે આરોપીને વાંચી સંભળાવવામાં આવેલ હતું અને આરોપીએ તેની સામેનું આંક–૦૫ વાળું તહોમતનામું કબુલ ન હોઈ તમો આરોપીની આંક–૦૬ થી નીવેદન (પ્લી) નોંધી લઈ આ કામે ફરીયાદ પક્ષ નો કેસ આગળ ચલાવવામાં આવેલ છે.

(૪). આ કામે ફરીયાદપક્ષ તરફે નીચે મુજબનો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ છે.

THE HIGH COURT OF GUJARAT

**મૌખિક પુરાવો**

| આંક | સાહેદનું નામ | પુરાવો નોંધેલ તારીખ |
|---|---|---|
| ૦૮ | ફરિયાદપક્ષે સા.નં–૦૧,ફરિયાદી–કરશનભાઈ ઝાલાભાઈ જોગરાણાની સોગંદ પરની જુબાની. | તા.૧૮/૦૪/૨૦૨૪ |
| ૧૨ | ફરિયાદપક્ષે સા.નં–૦૩,પંચ સાહેદ–હરીભાઈ કાનજીભાઈ જોગરાણાની સોગંદ પરની જુબાની. | તા.૦૪/૧૦/૨૦૨૫ |

| | | |
|---|---|---|
| ૧૬ | ફરિયાદપક્ષે સા.નં–૦૮,સાહેદ–ભગવાનભાઈ ગોવિંદ ભાઈ ભરવાડની સોગંદ પરની જુબાની. | તા.૧૮/૧૨/૨૦૨૫ |
| ૧૭ | ફરિયાદપક્ષે સા.નં–૦૯,સાહેદ–ઓશકભાઈ હીમંત ભાઈ ભોઈની સોગંદ પરની જુબાની. | તા.૧૮/૧૨/૨૦૨૫ |
| ૧૮ | ફરિયાદપક્ષે સા.નં–૧૦,સાહેદ–અશોકભાઈ ઉદાભાઈ ચાવડાની સોગંદ પરની જુબાની. | તા.૧૮/૧૨/૨૦૨૫ |
| ૧૯ | ફરિયાદપક્ષે સા.નં–૧૫,સાહેદ–ત.ક.અ. હે.કો. કિરણ સિંહ હસમુખભાઈની સોગંદ પરની જુબાની. | તા.૧૮/૧૨/૨૦૨૫ |

**દસ્તાવેજી પુરાવો.**

| આંક | દસ્તાવેજની વિગત | દસ્તાવેજ કોની જુબાનીમાં રજુ થયેલ અને તારીખ. |
|---|---|---|
| ૦૯ | ફરિયાદ. | ફરિયાદપક્ષે સા.નં–૧, ફરિયાદીની જુબાનીમાં તા.૧૮/૦૪/૨૦૨૪ |
| ૧૩ | ગુનાવાળી જગ્યાનું પંચનામું. | ફરિયાદપક્ષે સા.નં–૩, પંચ સાહેદની જુબાનીમાં તા.૦૪/૧૦/૨૦૨૫. |
| ૨૦ | મુદ્દામાલ રીકવરી તથા અટક પંચનામું. | ફરિયાદપક્ષે સા.નં–૧૫ ત.ક.અ.ની જુબાનીમાં. તા.૧૮/૧૨/૨૦૨૫ |

(૫) ફરીયાદપક્ષ તરફથી પુરાવો પુરો થયાનું જાહેર કર્યા બાદ આરોપી વિરૂધ્ધ ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન રેકર્ડ કરવા માટે પુરતો પુરાવો મળી આવેલ હોઈ, આ કામે આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ હતું અને જેમાં

આ કામના આરોપીએ તમામ સવાલોનો ઈન્કાર કરતો જવાબ આપેલ છે અને તેઓ વિરૂધ્ધ ખોટો કેસ કરેલ છે અને નિર્દોષ ઠરાવી છોડી મુકવા વિનંતી કરેલ છે.

(૫) ત્યારબાદ છેલ્લે ફરીયાદપક્ષે વિધ્વાન એ.પી.પી.શ્રીની તેમજ આરોપીનાં વિદવાન વકીલશ્રીની દલીલો સાંભળવામાં આવી. આ કામે વિ.એ.પી.પી. શ્રી પોતાની મૌખિક દલીલ કરતાં જણાવે છે કે, આ કામે ફરિયાદપક્ષે પોતાનો કેસ સાબિત કરેલ છે. આ કામે ફરિયાદી તથા સાહેદોનો સોગંદ પરનો પુરાવો તેમજ રજુ થયેલ દસ્તાવેજી આધાર જોતાં આ કામે આરોપીએ ફરિયાદીની મો.સા.ની ચોરી કરેલ હતી.આમ, આ કામના આરોપીએ ચોરી કરેલ છે અને તે હકીકત ફરિયાદપક્ષે સાબિત કરેલ છે. આરોપીને તકસીરવાર ઠરાવી આરોપીને કાયદામાં જણાવેલ મહતમ સજા કરવા વિનંતી કરેલ છે.

આ કામે બચાવપક્ષે પોતાનો મૌખિક દલીલ કરતાં જણાવે છે કે,આ કામે ફરિયાદપક્ષ ફરિયાદ સાબિત કરી શકેલ નથી. આ કામે ફરિયાદપક્ષે રજુ કરેલ આરોપીનું અટક પંચનામું તથા સ્થાનિક જગ્યાનું પંચનામું પંચ સાહેદોના પુરાવાથી સાબિત કરી શકેલ નથી. આ કામે સાહેદોએ ફરિયાદપક્ષના કેસની હકીકતને કોઈ સમર્થનકારી પુરવો આપેલ નથી. આમ, ફરિયાદપક્ષ આરોપી વિરૂધ્ધનો કેસ સાબિત કરી શકેલ ન હોઈ આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા નમ્ર અરજ છે.

(૬) આ કેસનાં ન્યાયીક નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

:૧: શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે,આ કામના આરોપીએ તા.૦૪/૦૮/૨૦૨૩ ના રાતાના કલાક–૨૧/૦૦ થી તા.૦૫/૦૮/૨૦૨૩ ના કલાક–૦૭/૦૦ દરમ્યાન કોઈપણ સમયે મોજે ઢુંડી ગામ, એચ.પી. પ્રેટ્રોલ પંપના

ખુલ્લા કંમ્પાઉન્ડમાં ફીરયાદી–કરશભાઈ જાલાભાઈ જોરાણાએ પાર્ક કરેલ હીરો સ્પેલેન્ડર મો.સા. નંબર– જી.જે.–૦૭–સી.કે.–૮૩૯૮, કિમંત રૂા. ૨૯,૦૦૦/– ની ચોરી કરી લઈ જઈ પાછળથી તપાસના કામે પકડાઈ ગયેલ અને તેમ કરીને તમો આરોપીએ **ભારતીય દંડ સંહીતા–૧૮૬૦ ની કલમ– ૩૭૯** મુજબનો ગુન્હો અત્રેની અદાલતની હકુમતમાં કરેલ છે ?

:૨: શું હુકમ ?

(૭) ઉપરોકત મુદ્દાઓનાં ન્યાયીક નિર્ણયનાં કારણો નીચે મુજબ છે.

:૧: **નકારમાં.**

:૨: **આખરી હુકમ મુજબ.**

**// કારણો //**

**(૮). મુદા નં. (૧) (૨)**

આ કેસ માં મારી સમક્ષ ઉપસ્થિત થયેલ મુદા નં. ૧ અને ૨ બંને મુદા ઓ એક જ બનાવ ના ભાગરૂપ હોય અને એક જ બનાવ ના પરીણામ સ્વરૂપ હોય તેમજ એક–બીજા સાથે સંકળાયેલા હોય એક ની એક હકીકત નું પુનરાવર્તન ટાળવા સારૂં સંયુકત ચર્ચા કરેલ છે.

(૯). ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૮ થી ફરિયાદપક્ષે સા.નં–૦૧, ફરિયાદી–કરશનભાઈ ઝાલાભાઈ જોગરાણાને સોગંદ પર તપાસેલ છે અને તેઓ

પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૦૪/૦૮/૨૦૨૩ ના રોજ હું મારા ઘરે વજેવાલ થી મારા મીત્ર અશોકભાઈ ઉદાભાઈની મો.સા. નંબર-જી.જે.-૦૭-સી.કે.-૮૩૯૩ ની લઈ ઠાસરા રેલવે લાઈન ઉપર કામે જવા નિકળેલો અને રાતના આશરે નવેક વાગ્યે ઢુંડી એચ.પી.પ્રેટ્રોલ પંપ પાસે મારા કામ અર્થે ગયેલ અને બીજા દિવસે સવારના સાતેક વાગ્યે મો.સા. લેવા આવેલ, તો મો.સા. જણાઈ આવેલ નહી. મે આજુ-બાજુ મો.સા.ની તપાસ કરેલ, પરંતુ મળી આવેલ નહી. મો.સા.ની કીમંત રૂા. ૨૯,૦૦૦/- જેટલી હતી. મને મારી મો.સા. ચોરાઈ જવાનો શક જતાં ઠાસરા પો.સ્ટે. માં ફરિયાદ આપેલ. મને ફરિયાદની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે, તેમાં મારી સહી છે. જે હું ઓળખું છું. બચાવપક્ષની સંમતિથી ઝેરોક્ષ ફરિયાદને રજુ દાખલ આંક-૦૯ આપવામાં આવે છે. મારી ચોરાઈ ગયેલ મો.સા. નડીયાદ એલ.સી.બી. એ કોઈની પાસે થી કબજે લીધેલ. જે વ્યકિત પાસેથી કબજે લીધેલ તેનું નામ પણ જણાવેલ. હાલમાં તે વ્યકિતનું નામ મને યાદ નથી. તે વ્યકિતને મારે જોવાનું થયેલ નહી. ઠાસરા પોલીસે મને ઠાસરા પોલીસ સ્ટેશનમાં મારી મો.સા. બતાવતાં મે ઓળખી બતાવેલી. પોલીસને ગુન્હાવાળી જગ્યા બતાવેલી. પોલીસે પંચોની હાજરીમાં પંચનામું કરેલ. મને મો.સા. મળી ગયેલ છે.

બચાવપક્ષે આ ફરિયાદીની ઉલટ-તપાસ કરેલ છે અને જેમાં આ ફરિયાદીએ જણાવેલ છે કે,એ વાત ખરી છે કે, અશોકભાઈની મો.સા. કોણ ચોરી કરીને લઈ ગયેલ તે અંગે મને કોઈ જાત માહીતી નથી. એ વાત ખરી છે કે, ચોરીનો બનાવ નજરે જોએલ નથી, જેથી ચોરી કોણે કરેલી તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, અશોકભાઈની મો.સા. પોલીસે કોની પાસેથી કબજે કરેલી તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, હું ચોરી કરનાર આરોપીને ઓળખતો નથી કે કોઈ દિવસ જોએલ નથી.

(૧૦). ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૧૨ થી ફરિયાદપક્ષે સા.નં-૦૨, પંચ સાહેદ-હરીભાઈ કાનજીભાઈ જોગરાણાને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, આશરે બે વર્ષ અગાઉ અમો ઢુંડી

ગામની સીમમાં આવેલ એચ.પી.પ્રેટ્રોલ પંપ પાસે ઉભા હતા ત્યારે એક ચોરીના કેસમાં પોલીસે અમોને પંચમાં રહેવા માટે જણાવતાં અમો પંચમાં રહેલ હતા. આ પંચનામું મો.સા. ચોરાયા બાબતનું હતું. આ મો.સા. ઢુંડી ગામે પ્રેટ્રોલ પંપ પાસે ચોરાયા બાબતનું હતું. આ મો.સા. કરશનભાઈ ઝાલાભાઈ ભરવાડનું હતું. પંચનામામાં વખતે કરશનભાઈ ત્યાં હાજર હતા. મને કોર્ટ રેકર્ડમાંથી બનાવવાળી જગ્યાના પંચનામાની ઝેરોક્ષ નકલ બતાવવામાં આવે છે, તે જોઈને કહું છું કે, તેમાં પંચ નંબર–ર તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. જે પંચનામું આ કામે આંક–૧૩ થી કામમાં સામેલ રાખેલ છે.

બચાવપક્ષે કરેલ ઉલટ–તપાસ જોવામાં આવે તો, તેમાં આ પંચ સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, પોલીસે મારી તૈયાર લખેલા પંચનામામાં સહી કરાવેલી હતી અને તે સિવાય હું પંચનામા વિશે કશું જાણતો નથી.

(૧૧). ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૬ થી ફરિયાદપક્ષે સા.નં –૦૮, સાહેદ–ભગવાનભાઈ ગોવિંદભાઈ ભરવાડને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આશરે બે એક વર્ષ પહેલા રાત્રીના સમયે ઢુંડી ગામે એચ.પી. પ્રેટ્રોલ પંપ સામે ખુલ્લા કંમ્પાઉન્ડમાં બનેલ. બનાવના દિવસે હું મારા ઘરે હાજર હતો, તે વખતે મારા મિત્ર કરશનભાઈનાઓએ મને ફોન કરી જણાવેલ કે, ઠાસરા રેલવે લાઈન ઉપર કામ ચાલતું હોય રાત્રે હું મારા ઘરેથી મો.સા. નંબર–જી.જે.–૦૭.–સી.કે–૮૦૯૮ લઈને આવેલ અને રાત્રે ઢુંડી એચ.પી.પ્રેટ્રોલ પંપ પર પાર્ક કરી રેલવે લાઈન ઉપર ગયેલ અને બીજા દિવસે સવારે પાછો આવતાં મો.સા. જોવા મળેલ નહી અને મો.સા. ચોરી થઈ ગયેલાનું જણાય આવેલ. મો.સા. નહી મળતાં કરશનભાઈએ ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ અને પોલીસે મારો જવાબ લીધેલ. આ મો.સા. કોણ ચોરી કરી ગયેલ તેમજ મો.સા. કોણી પાસેથી કબજે કરેલ તેની મને ખબર નથી.

THE HIGH COURT OF GUJARAT

બચાવપક્ષે આ સાહેદની ઉલટ-તપાસ કરેલ છે અને જેમાં આ સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, મારૂ મો.સા. કોણ ચોરી ગયેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મારી મો.સા. ચોરાઈ જવાની જાણ મારા મિત્ર કરશનભાએ મને કરેલી.

(૧૨). ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૧૭ થી ફરિયાદપક્ષે સા.નં -૦૯, સાહેદ-અશોકભાઈ હીમંતભાઈ ભોઈને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આશરે બે એક વર્ષ પહેલા રાત્રીના સમયે ઢુંડી ગામે એમ.પી.પ્રેટ્રોલ પંપ પાસે ખુલ્લા કંમ્પાઉન્ડમાં બનેલ. બનાવના બીજા દિવસે હું શ્રી હરી એચ.પી.પ્રેટ્રોલ પંપે નોકરી પર ગયેલ તે વખતે મને કરશનભાઈ જોગરાણા મળેલા અને તેઓએ મને જણાવેલ કે, ઠાસરા રેલવે લાઈન ઉપર કામ ચાલતું હોય રાત્રે હું મારા ઘરેથી મો.સા. નંબર-જી.જે.-૦૭.-સી.કે-૮૦૯૮ લઈને આવેલ અને રાત્રે ઢુંડી એચ.પી.પ્રેટ્રોલ પંપ પર પાર્ક કરી રેલવે લાઈન ઉપર ગયેલ અને બીજા દિવસે સવારે પાછો આવતાં મો.સા. જોવા મળેલ નહી અને મો.સા. ચોરી થઈ ગયેલાનું જણાય આવેલ. મો.સા. નહી મળતાં કરશનભાઈએ ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ અને પોલીસે મારો જવાબ લીધેલ. આ મો.સા. કોણ ચોરી કરી ગયેલ તેમજ મો.સા. કોણી પાસેથી કબજે કરેલ તેની મને ખબર નથી.

બચાવપક્ષે આ સાહેદની ઉલટ-તપાસ કરેલ છે અને જેમાં આ સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, મારૂ મો.સા. કોણ ચોરી ગયેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મારી મો.સા. ચોરાઈ જવાની જાણ મારા મિત્ર કરશનભાએ મને કરેલી.

(૧૩). ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૧૮ થી ફરિયાદપક્ષે સા.નં-૧૦ , સાહેદ-અશોકભાઈ ઉદાભાઈ ચાવડાને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, બનાવ આશરે બે એક વર્ષ પહેલા રાત્રીના સમયે ઢુંડી ગામે એચ.પી. પ્રેટ્રોલ પંપ સામે ખુલ્લા કંમ્પાઉન્ડમાં બનેલ.

બનાવના દિવસે હું મારા ઘરે હાજર હતો, તે વખતે મારા મિત્ર કરશનભાઈ નાઓએ મને ફોન કરી જણાવેલ કે, ઠાસરા રેલવે લાઈન ઉપર કામ ચાલતું હોય રાત્રે હું મારા ઘરેથી મો.સા. નંબર- જી.જે.-૦૭.-સી.કે-૮૦૯૮ લઈને આવેલ અને રાત્રે ઢુંડી એચ.પી.પ્રેટ્રોલ પંપ પર પાર્ક કરી રેલવે લાઈન ઉપર ગયેલ અને બીજા દિવસે સવારે પાછો આવતાં મો.સા. જોવા મળેલ નહી અને મો.સા. ચોરી થઈ ગયેલાનું જણાય આવેલ. મો.સા. નહી મળતાં કરશનભાઈએ ઠાસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપેલ અને પોલીસે મારો જવાબ લીધેલ. આ મો.સા. કોણ ચોરી કરી ગયેલ તેમજ મો.સા. કોણી પાસેથી કબજે કરેલ તેની મને ખબર નથી.

બચાવપક્ષે આ સાહેદની ઉલટ-તપાસ કરેલ છે અને જેમાં આ સાહેદે જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, મારૂ મો.સા. કોણ ચોરી ગયેલ તેની મને ખબર નથી. એ વાત ખરી છે કે, મારી મો.સા. ચોરાઈ જવાની જાણ મારા મિત્ર કરશનભાએ મને કરેલી.

(૧૪). ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક-૧૯ થી ફરિયાદપક્ષે સા.નં-૧૫, સાહેદ-ત.ક.અ. હે.કો. કીરણસિંહ હસમુખભાઈને સોગંદ પર તપાસેલ છે અને તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે કે, તા.૧૧/૦૮/૨૦૨૩ ના રોજ હું ઠાસરા પોલીસ સ્ટેશનમાં અ.હે.કો. તરીકે ફરજ બજાવતો હતો. તે દરમ્યાન ફરિયાદી- કરશનભાઈ જાલાભાઈ જોગરાણાઓએ પી.એસ.ઓ. એસ.પી.બારીયા રૂબરૂ અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ઈ.પી.કો. કલમ-૩૭૯ મુજબની ફરિયાદ આપતાં પી.એસ.ઓ. એ ગુનો દાખલ કરી આગળની તપાસ મારી તરફ મોકલી આપેલ. મે તપાસ સંભાળ્યા બાદ ફરિયાદી-કરશનભાઈનાઓએ પંચ ભરતભાઈ ભરવાડ તેમજ પંચ હરીભાઈ કાનજીભાઈ જોગરાણાની હાજરીમાં ગુનાવાળી જગ્યા બતાવેલ. જેથી તે જગ્યાનું મે પંચનામું કરેલ. મને કોર્ટ રેકર્ડમાંથી આંક-૧૩ નું પંચનામું બતાવવામાં આવે છે, જેમાં બે પંચોની સહી છે અને રૂબરૂ અમલદાર તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. મે તપાસના કામે લાગતાં વળગતાં સાહેદોના નિવેદનો લીધેલ તેમજ પંચ નજીરમીયા મલેક તેમજ આફતાબખાન મુખત્યારખાન પઠાણનાઓની હાજરીમાં

આરોપી-મહેન્દ્રભાઈ મંગળભાઈ પરમારનાઓએ ચોરી કરેલ મો.સા. નંબર-જી.જે.-૦૭-સી.કે.-૮૩૯૮ નું મે એલ.સી.બી. પોલીસે ચકલાસી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી આરોપી પાસેથી કબજે લીધેલ હોય, જેથી અમો તપાસના કામે ચકલાસી પોલીસ સ્ટેશનથી લાવી કબજે લીધેલ. જે અંગેનું વિગતવારનું પંચનામું કરેલ. મને પંચ નામું બતાવવામાં આવે છે, જેમાં બે પંચોની સહી છે અને રૂબરૂ અમલદાર તરીકે મારી સહી છે. જે હું ઓળખું છું. જેને રજુ દાખલ આંક-૨૦ આપવામાં આવે છે. એ.એસ.આઈ. ચંદ્રકાન્ત ગ?વિંદભાઈ, એલ.સી.બી. ખેડાનાઓએ પંચ-રાજુભાઈ ઝાલા તેમજ પંચ-મુકેશભાઈ ગોવિંદભાઈની હાજરીમાં આરોપી-મહેન્દ્ર મંગળભાઈ પરમાર પાસેથી મો.સા. નંબર-જી.જે.-૦૭-સી.કે.-૮૩૮૯ની મો.સા. વણસોલ ગામ પાસે આવેલ વ્રજ હોટલ નજીક સંતાડેલી હોય અને તે અંગે કબુલાત કરતો હોય, મો.સા. બીનવારસી હાલતમાં કબજે લીધેલ. જે અંગેનું હે. ક. ચંદ્રકાન્ત ગોવિંદભાઈએ પંચનામું કરેલ. જે પંચનામાની નકલ મને બતાવવામાં આવે છે. જેમાં બે પંચોની સહી ઓ છે અને રૂબરૂમાં હે.કો. ચંદ્રકાન્તભાઈ ગોવિંદભાઈની સહી છે. મે તપાસના કામે એ.એસ.આઈ. ચંદ્રકાન્તભાઈ ગોવિંદભાઈનો જવાબ લીધેલ હતો. આરોપીનું ઉમરેઠ કોર્ટમાંથી ટ્રન્સફર વોરંટની કબજો મેળવેલ હતો અને આરોપીની ધોરણસર અટક કરીને ના.કોર્ટમાં રજુ કરેલ. આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે. આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતાં ના.અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ હતું.

બચાવપક્ષે આ ત.ક.અ.ની ઉલટ-તપાસ કરેલ છે અને જેમાં આ ત.ક.અ. નાઓએ જણાવેલ છે કે, એ વાત ખરી છે કે, ફરિયાદ મારા રૂબરૂ ની નથી. એ વાત ખરી છે કે, ફરિયાદીએ ફરિયાદમાં કોઈપણ જગ્યાએ આરોપીનું નામ કે વર્ણન જણાવેલ નથી. એ વાત ખરી છે કે, આરોપી પાસેથી મે કોઈ મો.સા. કબજે કરેલ નથી. સાહેદ જણાવે છે કે, એલ.સી.બી. નડીયાદનાઓએ કબજે કરેલ હતી. એ વાત ખરી નથી કે, તપાસના કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદનો લીધેલ નથી. એ વાત ખરી નથી કે, તૈયાર પંચનામામાં પોચોની સહીઓ લીધેલ હતી. એ વાત ખરી નથી કે, આરોપી વિરૂધ્ધ

પુરતો પુરાવો ન હોવા છતાં ખોટી તપાસ કરેલ અને ખોટું ચાર્જશીટ ના.અદાલતમાં રજુ કરેલ હતું. એ વાત ખરી નથી કે, સોગંદ પર ખોટી જુબાની આપું છું.

(૧૫). ફોજદારી ન્યાયતંત્રના સ્થાપિત સિધ્ધાંત મુજબ એવું અનુમાન કરવાનું હોય છે કે, જયારે સાહેદ સોગંદ ઉપર જુબાની આપે છે ત્યારે તેઓ પોતાના જ્ઞાન અને માહીતી મુજબ સાચુ જ બોલતા હોય છે, સિવાય કે તેનાથી વિરૂધ્ધની હકીકતો સાબિત કરવામાં આવે, જયાં સુધી એવી હકીકત સાબિત કરવામાં ના આવે કે સાહેદને ખોટુ બોલવા કોઈ કારણ છે ત્યાં સુધી તેમની જુબાની વિશે શંકા કરવા કોઈ કારણ રહેતું નથી. ''પુરાવાનું મુલ્યાંકન'' શબ્દને પુરાવાના કાયદામાં કયાંય વ્યાખ્યાબધ્ધ કરવામાં આવેલ નથી કે તે માટે કાનુન સમર્થિત કોઈ નિયમ નથી, પુરાવાનું મુલ્યાંકન કેવી રીતે કરવું તે દરેક કેસની હકીકતો અને સંજોગો પર આધારીત હોય છે. ક્રિમીનલ જસ્ટીસ સીસ્ટમ માં સત્ય શું છે તેનો નિર્ણય કરવા માટે ફરિયાદ પક્ષ ધ્વારા પ્રસ્તુત કરવા માં આવેલ પુરાવાની છણાવટ ઉપર આધાર રહેલ છે, પુરાવાની છણાવટ કેવી રીતે કરવી તે માટેના કોઈ ચોકકસ નિયમો ઘડવામાં આવેલા નથી. કારણ કે દરેક કેસની હકીકતો પુરાવો આજુબાજુના પરીબળો તે તમામે તમામ હકીકતો ભીન્ન ભીન્ન પ્રકારના હોય છે.

પુરાવાના મુલ્યાંકનનો આધાર પુરાવાના કાયદાની કલમ–૩માં કરવામાં આવેલી સાબિત અને નાસાબિતની વ્યાખ્યા પર આધારીત છે. સાબિત થયેલી હકીકતો કોને કહેવાય તે જોવામાં આવે તો અદાલત સમક્ષ પડેલી બાબતો પરથી એક સામાન્ય સમજદારી ધરાવતી વ્યકિત જે તે સંજોગોમાં જે તે હકીકતનું અસ્તિત્વ હોવાનું માને તો તેવી હકીકત સાબિત થયેલી ગણાય.

ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહે છે. ફરિયાદ પક્ષે પોતાની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોય છે. ફોજદારી કાર્યવાહીના તમામ તબકકે પુરાવાનો બોજો કયારેય આરોપી ઉપર ખસતો નથી, ફરિયાદ

પક્ષે માત્ર સંભવીતતા જ દર્શાવવાની હોતી નથી, પરંતુ આરોપી પરનું તહોમત નિ:શંકપણે વાજબી શંકા થી પર પુરવાર કરવાનું રહે છે. ફોજદારી કાર્યવાહી માં આરોપી જો કોઈ અપવાદો નો લાભ લેવા માંગતા હોય તો પણ તેમણે પુરાવાના કાયદાની કલમ:–૧૦૫ મુજબ સંભવીતતા દર્શાવવાની રહે છે, આરોપીએ અપવાદ માહેની હકીકતો શંકાથી પર રીતે સાબિત કરવાની હોતી નથી.

ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૦૮ થી ફરિયાદી–કરશનભાઈ ઝાલાભાઈ જોગરાણાને સોગંદ પર તપાસેલ છે. આ ફરિયાદીની સોગંદ પરની જુબાની તથા બચાવપક્ષે કરેલ ઉલટ–તપાસ તથા આંક–૦૯ વાળી ફરિયાદ જોવામાં આવે તો, તેઓએ બનાવ નજરે જોયેલ નથી અને તેઓએ મો.સા.ને ચોરી કરતા આરોપીને નજરે જોયેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલ નથી. તેઓ આરોપીને ઓળખતા નથી. ફરિયાદીને ચોરીમાં ગયેલ મો.સા. પરત મળી ગયેલ છે. ફરિયાદીએ પોતાની સોગંદ પરની જુબાનીમાં અને આંક–૦૯ વાળી ફરિયાદમાં આરોપીનું કોઈ નામ કે વર્ણન જણાવેલ નથી.આમ, આ ફરિયાદીના પુરાવાથી આ કામના આરોપીએ મો.સા.ની ચોરી કરેલ હોય તે હકીકત ફરિયાદ પક્ષ સાબિત કરી શકેલ નથી.

ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૨ થી પંચ સાહેદ–હરીભાઈ કાનજીભાઈ જોગરાણાને સોગંદ પર તપાસેલ છે. આ પંચ સાહેદની સોગંદ પરની જુબાની, આંક–૧૩ વાળું પંચનામું તથા બચાવપક્ષે કરેલ ઉલટ–તપાસ જોવામાં આવે તો, આ પંચ સાહેદ બનાવવાળી જગ્યાના પંચનામાનાં પંચ સાહેદ છે. આ પંચ સાહેદે આંક–૧૩ વાળા પંચનામામાં ફકત સહી કરેલ હતી અને પંચનામાની હકીકતને વાંચી ન હતી કે પોલીસે વાંચી સંભળાવેલ ન હતી અને પંચનામામાં ફકત સહી કરેલ હતી. આમ, આ પંચ સાહેદના પુરાવાથી ફરિયાદપક્ષ આંક–૧૩ વાળું બનાવવાળી જગ્યાનું પંચનામું સાબિત કરી શકેલ નથી.

ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૨ થી સાહેદ–ભગવાનભાઈ ગોવિંદભાઈ ભરવાડને તથા આંક–૧૭ થી સાહેદ–અશોકભાઈ હીમંતભાઈ ભોઈને તથા આંક–૧૮ થી સાહેદ–અશોકભાઈ ઉદાભાઈ ચાવડાને સોગંદ પર તપાસેલ છે. આ તમામ સાહેદોની સોંગદ પરની જુબાની તથા બચાવપક્ષે કરેલ ઉલટ–તપાસ જોવામાં આવે તો, આ તમામ સાહેદોએ બનાવ નજરે જોએલ નથી અને બનાવની જાણ ફરિયાદીએ કરેલ હતી, તેમ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવેલ છે. આ સાહેદોની હાજરીમાં પોલીસે આરોપી પાસેથી ચોરીમાં ગયેલ મુદ્દામાલ મો.સા. કબજે કરેલ હોય તેવું બનેલ નથી અને કોની પાસેથી કબજે કરેલ તે પણ આ સાહેદોને ખબર નથી. આમ, આ સાહેદોના પુરાવાથી ફરિયાદપક્ષના કેસની હકીકતને કોઈ સમર્થન પ્રાપ્ત થતું નથી.

ફરિયાદપક્ષે પોતાનો કેસ પુરવાર કરવા માટે આંક–૧૯ થી આ ગુન્હાની ત.ક.અ. હે.કો. કિરણસિંહ હસમુખભાઈને સોગંદ પર તપાસેલ છે. આ ત.ક.અ.નાઓએ પોતાની ફરજના ભાગરૂપે તપાસ કરેલ હતી. તપાસના કામે આ ત.ક.અ.નાઓએ બનાવવાળી જગ્યાનું પંચનામું કરેલ હતું તેમન મુદ્દમાલ કબજે કરેલ હતો અને તેનું પંચનામું કરેલ હતુ.સાહેદોના નિવેદનો નોંધેલ હતા અને ના.અદાલતમાં ચાર્જશીટ દાખલ કરેલ હતું. બચાવપક્ષે કરેલ ઉલટ–તપાસમાં આ ત.ક.અ.નાઓએ જણાવેલ છે કે, હાલના કેસના આરોપી પાસેથી તેઓએ મો.સા. કબજે કરેલ નથી. હવે જે પંચોની હાજરીમાં આરોપી પાસેથી ફરીયાદીનું મો.સા. કબજે કરેલ હોવાનુ જણાવેલ છે અને જે પંચોની હાજરીમાં તે કબજે કરેલ તે પંચોએ પંચનામાને સમર્થન આપેલ નથી. આમ, સદર પંચ સાહેદના પુરાવાથી ત.ક.અમલદારના ઉપરોકત પુરાવાને સમર્થન પ્રાપ્ત થતુ નથી. જેથી હાલના કેસના આરોપીને ફરીયાદમાં જણાવેલ મો.સા.ચોરીના બનાવ સાથે સાંકળતો કોઈ પુરાવો ફરીયાદ પક્ષ તરફે રજુ કરવામાં આવેલ નથી. કોઈ સ્વતંત્ર સાહેદને ફરીયાદ પક્ષે તપાસેલ નથી. ફરીયાદ પક્ષ તરફે ફરીયાદી, પંચ સાહેદ અને તપાસ કરનાર અમલદાર સિવાય ચાર્જશીટમાં દર્શાવેલ અન્ય કોઈપણ સાહેદને તપાસેલ નથી.

ત.ક.અમલદારના પુરાવાને પંચ સાહેદના પુરાવાથી લેશમાત્ર સમર્થન પ્રાપ્ત થયેલ નથી. આમ, આ ત.ક.અ.ના પુરાવાથી હાલનો ગુનો આરોપીએ કરેલ છે તે હકીકત ફરિયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી.

(૧૫). આમ, ઉપરોકત રજુ થયેલ તમામ પુરાવાઓનું મુલ્યાંકન કરતાં તેમજ ઉપરોકત ચુકાદાનો ધ્યાન પુર્વક અભ્યાસ કરતાં ફરિયાદ પક્ષ આરોપી વિરુધ્ધ નું તહોમત કે,આ કામના આરોપીએ તા.૦૪/૦૮/૨૦૨૩ ના રાતાના કલાક-૨૧/૦૦ થી તા. ૦૫/૦૮/૨૦૨૩ ના કલાક-૭/૦૦ દરમ્યાન કોઈપણ સમયે મોજે ઢુંડી ગામ, એચ.પી. પ્રેટ્રોલ પંપના ખુલ્લા કંમ્પાઉન્ડમાં ફીરયાદી-કરશભાઈ જાલાભાઈ જોરાણાએ પાર્ક કરેલ હીરો સ્પેલેન્ડર મો.સા. નંબર- જી.જે.-૦૭-સી.કે.-૮૩૯૮, કિમંત રૂા. ૨૯,૦૦૦/- ની ચોરી કરી લઈ જઈ પાછળથી તપાસના કામે પકડાઈ ગયેલ અને તેમ કરીને તમો આરોપીએ **ભારતીય દંડ સંહીતા-૧૮૬૦ ની કલમ-૩૭૯** મુજબનો ગુન્હો કરેલ હોવાની હકીકત નિ:શંક પણે સાબિત કરવામાં ફરિયાદ પક્ષ નિષ્ફળ ગયેલ હોઈ, આ કેસના નિર્ણય અને નિકાલ માટે ઉપસ્થિત થયેલ મુદ્દા નં -૧ નો જવાબ નકારમાં આપી, મુદ્દા નં.- ૨ પરત્વે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

## -: આખરી હુકમ :-

(૧). આ કામના આરોપી:-**મહેન્દ્રભાઈ ઉર્ફે પલીયો મંગળભાઈ પરમાર,ઉ.વ.-૩૧,ધંધો -મજુરી, રહે. રીંછોલ,નિશાળવાળું ફળિયું, તા. મહેમદાવાદ, જી. ખેડા**વાળાનાઓને ભારતીય ફોજદારી કાર્યરીતી સંહીતા-૧૯૭૩ની કલમ-૨૪૮(૧) મુજબ **ભારતીય દંડ સંહીતા-૧૮૬૦ ની કલમ-૩૭૯** મુજબ ના ગુન્હામાંથી ર્નિદોષ ઠરાવી છોડી મુકવા નો હુકમ કરવા માં આવે છે.

THE HIGH COURT OF GUJARAT

(૨). આ કામે મુ.પા. નંબર:-૯૮/૨૦૨૩, તા.૧૬/૦૮/૨૦૨૩ ના રોજ કબજે કરેલ મુદ્દામાલ મો.સા. જેના નંબર-જી.જે.-૦૭-સી.કે.-૮૩૮૯, કિમંત રૂા. ૨૯,૦૦૦/- અંગે ના.અદાલત દ્વારા કરવામાં આવેલ વચગાળાનો હુકમ આ હુકમથી કાયમી કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

(૩). આ કામના આરોપીએ અગાઉ આપેલ જામીન આથી રદ્દ કરવામાં આવે છે. આ કામના આરોપીએ આ કામે જો આપીલ થાય તો એપેલેટ ઓથોરીટી સમક્ષ હાજર રહેવા માટે ક્રિ .પ્રો.કોડ ૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) મુજબ રુા.૫,૦૦૦/-(અંકે રુપિયા પાંચ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા અત્રેની કોર્ટમા રજુ કરવા.

**હુકમ આજ રોજ તારીખ:-૧૭મી, માહે-માર્ચ સને-૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી, સંભળાવીને જાહેર કર્યો.**

Digitally signed by
VIPULKUMAR AMRUTLAL
THAKKAR
at THASRA
on 17/03/2026 18:05:59 IST.

**મું.ઠાસરા.**
**તારીખ :-૧૭/૦૩/૨૦૨૬.**

**(વિપુલ અમૃતલાલ ઠક્કર)**
**GJ01455**
**જ્યુડી.મેજી.ફ. ક.,ઠાસરા.**

THE HIGH COURT OF GUJARAT